# લાઈકન પ્લેનસ (Lichen Planus)ની હોમીયોપેથીક સારવાર

લાઈકન પ્લેનસ રોગમાં ચામડી તથા મોંની અંદરનાં ભાગમાં સોજો આવે છે.

ચામડી ઉપર જામેલી અથવા કથ્થૈ રંગના ધબ્બા પડે છે જેમાં ઘણીવાર ખંજવાળ આવે. મોંની અંદર - જીભ ઉપર, ગાલમાં, પેઢામાં સોજો આવે, એ ભાગ લાલ થઈ જાય, અને સફેદ લાઈનવાળો મોટો ડાઘ (Patch) બની જાય, ચાંદા પડે.

લાઈકન પ્લેનસ ઓટોઈમ્યુન (auto immune) રોગ છે. જેમાં આપણી રોગપ્રતિકારક શક્તિ આપણા જ શરીરના તંદુરસ્ત ભાગોને અસર કરે છે અને તકલીફ આપે છે. આ રોગ ચેપી નથી.

લક્ષણો :- ચામડી ઉપર જાંબલી રંગના ધબ્બા દેખાય, ખંજવાળ આવે, જાંબલી રંગવાળો ભાગ બીજી ચામડીથી ઉપસેલો નથી હોતો, કોઈકવાર blistor પડે; મોંમા-સફેદ લાઈનવાળો patch - ગાલમાં, જીભ ઉપર અથવા પેઢામાં જોવા મળે, મોંમા ચાંદા પડે જે બહુ દુખાવો કરે; મોંમા બળતરા થાય, ગરમવસ્તુ તીખી વસ્તુ બિલકુલ ખાઈ નહીં શકાય, બહેનોને વજાઈના (vagina)માં પણ ચાંદા પડી, બળતરા થાય, શારીરિક સંબંધ બાંધતી વખતે ખૂબ દુઃખે તથા બળતારા થાય, વાળ ઉતરે, માથાની ચામડી પર પણ ડાઘા પડે; નખ ખરબચડા થઈ જાય. એવું જોવા મળ્યું છે કે લાઈકન પ્લેનસને કારણે ચામડીનું કેન્સર (skin cancer) થવાનું જોખમ વધી જાય છે.

સ્ત્રીઓમાં vulva, vaginaમાં થયેલ લાઈકન પ્લેનસને સારૂં કરવાનું પણ અઘરૂં હોય છે.

કારણ - લાઈકન પ્લેનસ થવાનું ખરૂં કારણ તબીબ શાસ્ત્ર જાણી નથી શક્યું, પણ એવું જોવામાં આવ્યું છે કે અમુક પરિસ્થિતિ અથવા રોગો આ રોગને થવામાં મહત્વનો ભાગ ભજવી શકે છે, દા.ત. માનસિક ચિંતા/તાણ (mental stress, tension), હીપેટાઈટીસ સી (hepatitis C)નું infection; હીપેટાઈટીસ બી વેક્સીન (hepatitis B vaccine); ફ્લુ વેક્સીન (flu vaccine); અમુક પ્રકારના રંગ



(pigment), chemical અથવા metals; advil, motrin, ibuprofen, aaproxene, aleve વગેરે પ્રકારની દુખાવા અને સોજા માટેની દવાઓ; હૃદયરોગ (heart diseasc), high blood pressure (BP), આર્થરાઈટીસ (arthritis) માટે લેવાતી દવાઓ; વગેરે.

નિદાન :- લાઈકન પ્લેનસના નિદાન માટે જે ભાગ ઉપર અસર હોય એ ભાગની બાયોપ્સી (biopsy) કરવામાં આવે છે જેનાથી સચોટ નિદાન થઈ શકે. બીજી તપાસમાં - હીપેટાઈટીસ સી (hepatitis C) ટેસ્ટ; એલર્જી ટેસ્ટ (allergy test).

સારવાર :- ચામડીનું લાઈકન પ્લેનસ ઘણા વર્ષો સુધી રહી શકે છે અને કોઈક વાર એની મેળે પણ સારૂં થઈ શકે છે. મોંમા, vulva / vaginaમાં થયેલ લાઈકન પ્લેનસને મટાડવાનું ઘણું અઘરૂં હોય છે અને ઘણીવાર પાછું થઈ શકે છે.

એલોપેથીક સારવારમાં ખંજવાળ અને દુખાવા માટે મુખ્ય દવાઓ અપાય છે. દા.ત., કોર્ટીકોસ્ટીરોઈડ (corticosteroid) જે રોગ પ્રતિકારક શક્તિને દબાવે છે જેથી લાલાશ અને દુખાવો ઓછો થાય, પણ એની આડ અસર ઘણી હોય છે અને લાંબો સમય લઈ નથી શકાતી તથા એ લેવાની બંધ કરવાથી તકલીફ પાછી આવે છે; રેટીનોઈડ્સ (retinoids - synthetic vitamin A) ચામડી પર લગાવવા માટે; ono steroid creams, anitihis tamints, phototherapy.

હોમીયોપેથીક સારવાર કરવાથી વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિ (immune system) તંદુરસ્ત અને સશક્ત બને છે એટલે એવા કોઈ પણ રોગ જેમાં રોગપ્રતિકારક શક્તિ પ્રભાવિત થઈ હોય અથવા અસરમાં આવી હોય. દા.ત. એલર્જી (allergy), ઓટો ઈમ્યુન ડીસીઝ (auto immune diseaze) વગેરે અને હોમીયોપેથીક દવા સારા કરી શકે છે.

લાઈકન પ્લેનસમાં પણ રોગ પ્રતિકારક શક્તિની ખામીને લીધે થાય છે એટલે હોમીયોપેથીક દવા સારી અસર આપે છે. હોમીયોપેથીમાં શરૂઆતમાં દર્દીની સંપૂર્ણ વિગત લેવાય છે જેને Case history કહે છે. એમાં દર્દીની હાલની તકલીફની વિસ્તૃત માહિતી, ભૂતકાળની બધી માંદગીઓ, વારસાગત રોગો, દર્દીની માનસિક (mental, emotional, psydehogical) ચિંતા, tension વગેરેની નોંધ લેવાય છે. ત્યાર પછી આ બધી માહિતીનો અભ્યાસ કરીને હોમીયોપેથીક દવા અપાય છે. આ દવા રોગીને તંદુરસ્ત કરે છે અને તેથી રોગ જડમૂળથી મટે છે. જ્યારે દવા ફક્ત રોગોને ધ્યાનમાં રાખી અપાય છે ત્યારે રોગ જડમૂળથી નથી મટતો પણ થોડો સમય પૂરતો અસર બતાવતો બંધ થઈ જાય છે. અથવા શરીરમાં દબાઈ (suppress) જાય છે. અને મોકો મળતા બમણા જોરથી પાછો આવે છે. એટલે જ હોમીયોપથીમાં રોગી પ્રત્યે પ્રથમ ધ્યાન અપાય છે અને પછી રોગ પ્રતિ.

મારી પાસે લાઈકન પ્લેનસના બધા પ્રકારના દર્દીઓ છે - શરીર પરના લક્ષણવાળા, મોં માં અસર બતાવતા અને vulral vagina ના લક્ષણોવાળા. આ રોગ ઉપર જણાવ્યા પ્રમાણે થોડો સમય માંગી લે એવો છે. સારા થવામાં, એટલે દર્દીઓને વિનંતી કે ધીરજ રાખવી અને સતત દવા કરવી જેથી આ રોગથી છૂટકારો મળી શકે.

જાતે કરવા જેવું : મોં માં બરફ ચુસવો અથવા ઠંડા પાણીના કોગળા કરવા; ખોરાક તાજો અને તંદુરસ્ત ખાવો; ફળ અને પાંદડાવાળા શાકનો ઉપયોગ વધુ કરવો; મસાલાવાળી વસ્તુઓ બંધ કરવી ખાવામાં; પાણી પીવાનું વધારે રાખો; મગજને ચિંતા/tension થી મુક્ત કરવાના પ્રયાસ કરવા.

યાદ રહે લાઈકન પ્લેનસ રોગની જાણ થાય અથવા મોં માં દુખાવો, બળતરા, ચાંદા પડે, ગરમ/તીખું ખાવાથી તકલીફ થાય તો સારવાર જલદી શરૂ કરવી જરૂરી છે.

લાઈકન પ્લેનસ સિવાય જેમને વારંવાર મોં માં ચાંદા પડતા હોય, પેઢાની કોઈ તકલીફ હોય (દા.ત. પાયોરીયા, વગેરે) અથવા ચામડીનો કોઈ પણ વ્યાધી હોય (દા.ત. સોરીયાસીસ, કોઢ, ખસ-ખરજવું વગેરે) તો અમારો સંપર્ક જરૂર કરશો.



Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email : homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7.
[Hurontario + Dundas]
[Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2.
[Queen and Centre Street]
[Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic:** 2761, Markham road, Aum Beauty Clinic, ON. M1X 1M4
[Markham road + Nashdene]
[Wednesday 4 pm to 7 pm]

## ઉમરેઠમાં ગોવિંદલાલ ગાભાવાળાની પેઢી એટલે વિશ્વાસનું પ્રતિક કહેવાતી શ્રી નારાયણ જ્વેલર્સ નબળું પડયાની વાતો બજારમાં ફરતી થતા લોકોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો...!

એક જમાનામાં ઉમરેઠમાં ગોવિંદલાલ ગાભાવાળાની પેઢી એટલે વિશ્વાસનું પ્રતિક કહેવાતી હતી. આ પેઢીની હુંડી ગામ સહિત રાજ્ય બહાર પણ સ્વીકારવામાં આવતી હતી. ગોવિંદલાલ ગાભાવાળાની પેઢીની શાખને કારણે તેઓનો ઉમરેઠમાં રાજા જેવો વટ હતો. તેઓની શાખ પર આજે તેઓના ઉત્તરાધિકારીઓ પર વિશ્વાસ રાખી ઉમરેઠ સહિત આજુબાજુના ગામોના લોકોએ શ્રી નારાયણ જ્વેલર્સમાં રૂપિયા મુક્યા હતા. પરંતુ શ્રી નારાયણ જ્વેલર્સ નબળું પડયાની વાતો બજારમાં ફરતી થતા લોકોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે.

ઉમરેઠમાં શ્રી નારાયણ જ્વેલર્સનું ઉઠમણું થતા ઉમરેઠ પંથકમાં આર્થિક ભૂકંપ આવ્યો હોય તેવા ઘાટ થયા છે. શ્રી નારાયણ જ્વેલર્સમાં ઉમરેઠના શ્રીમંત, મધ્યમવર્ગ તેમજ ગરીબ સૌ કોઇના પૈસા સલવાયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બીજી બાજૂ શ્રી નારાયણ જ્વેલર્સના અર્પિત ગાભાવાળા દ્વારા કોર્ટમાં નાદારીની અરજી કરવામાં આવતા સૌ કોઇ પોતાના પૈસા બચાવવા માટે આમ-તેમફાંફા મારી રહ્યા છે. અર્પિત ગાભાવાળાની નાદારીની અરજી બહાર આવ્યા બાદ કેટલાય લોકો તેની સામે છેતરપીડીની ફરિયાદ કરી છે. આવનારા દિવસોમાં અન્ય લોકો પણ તેની સામે ફરિયાદ કરવા કાર્યવાહી કરી રહ્યા હોવાનું જાણવા મળે છે ત્યારે હાલમાં અર્પિત અને તેનો પરિવાર ક્યાં છે તે યક્ષ પ્રશ્ન બની ગયો છે. શ્રી નારાયણ જ્વેલર્સ દ્વારા દોઢસો કરોડનું ફુલેકું ફેરવવામાં આવ્યું હોવાનું ચર્ચાય છે પરંતુ સાચો આંકડો તો ખુદ શ્રી નારાયણ જ્વેલર્સના અર્પિત ગાભાવાળાને પણ ખબર નહી હોય. આટલું બધુ મોટું સામ્રજ્ય સાચવવા માટે શ્રી નારાયણ જ્વેલર્સમાં કોઈ સિસ્ટમપણ ન હતી કે કોઈ વેલએજ્યુકેટેડ સ્ટાફ પણ ન હતો. ગણ્યા ગાઠયા ચાર-પાંચ જણા તમામ વહીવટ કરતા હતા.